**Switchover Help Scheme: Gujarati**

# સ્વિચઓવર હેલ્પ સ્કીમ (સ્વિચઓવરમાં મદદ કરતી યોજના)

**તમારું ટીવી પરિવર્તન કરીને ડિજિટલમાં બનાવવામાં અમે તમારી મદદ કરી શકીએ છીએ, જો તમે :**

- 75 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હો, અથવા
- છ મહિના કે તેથી વધારે સમયથી કેર હોમમાં રહેતાં હો, અથવા
- અસમર્થતા (ડિસેબિલિટી)ને લગતા અમુક બેનિફિટો મેળવતાં હો (કે મેળવી શકો તેમ હો), અથવા
- નોંધાયેલાં અંધ કે આંશિક દૃષ્ટિ ધરાવતાં હો.

## ડિજિટલ ટીવી સ્વિચઓવર કરવા માટે મદદ હાથવગી જ છે

સમગ્ર યુકેમાં ટીવી ડિજિટલ બની રહ્યાં છે અને ટૂંક સમયમાં જ તમારા વિસ્તારમાં જૂનું એનેલોગ ટીવી સિગ્નલ બંધ કરી દેવામાં આવશે. જો આ સ્વિચઓવરના સમય સુધીમાં તમારી પાસે ડિજિટલ ટીવી નહિ હોય, તો તમને તમારી ટીવીની સેવા મળવાનું બંધ થઈ જશે. પરંતુ, તમારે ચિંતા કરવાની જરૂર નથી. 'સ્વિચઓવર હેલ્પ સ્કીમ' (Switchover Help Scheme) અહીં તમારી મદદ માટે હાજર જ છે.

## સ્વિચઓવર હેલ્પ સ્કીમ શું કરે છે?

યોગ્યતા ધરાવતાં લોકોને અમે તેમનાં ટીવી સેટ્સ પરિવર્તન કરીને ડિજિટલ બનાવવામાં અમે મદદ કરીએ છીએ. જો તમે યોગ્યતા ધરાવતાં હશો, તો અમે તમને ડિજિટલ ટીવી વિશે સ્પષ્ટતા અને સરળતાથી સમજાવીશું. તમને મળી શકતા તમામ વિકલ્પો વિશે અમે તમને કહીશું. અને તે બધું કેવી રીતે કામ કરે છે તેનાથી તમે પૂરેપૂરાં રાજી હો તેની ખાતરી કરીશું.

## મારી પાસે ડિજિટલ ટીવી છે કે નહિ તેની મને કેવી રીતે ખબર પડે?

જો તમારા ટીવી સેટ ઉપર પાંચ કરતાં વધારે ચેનલો આવતી હોય, તો તમારી પાસે પહેલેથી જ કદાચ ડિજિટલ ટીવી છે. જો, તે ન આવતી હોય, તો તમને કદાચ અમારી મદદની જરૂર પડશે. તમારું ટીવી ડિજિટલ બનાવવાનું અમે સહેલું કરી આપીશું અને તમારે તમારો ટીવી સેટ પણ બદલવાની જરૂર નહિ પડે.

# Switchover Help Scheme: Gujarati

## શું હું યોગ્યતા ધરાવું છું?

**અમે તમારી મદદ કરી શકીએ છીએ, જો તમે:**

- 75 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હો, અથવા
- છ મહિના કે તેથી વધારે સમયથી કેર હોમમાં રહેતાં હો, અથવા
- તમને નીચેનામાંથી કોઈ બેનિફિટ મળતો હોય (કે મળી શકે તેમ હોય):

– ડિસેબિલિટી લિવિંગ અલાવન્સ, અથવા
– અટેન્ડન્સ અથવા કોન્સ્ટન્ટ અલાવન્સ, અથવા
– મોબિલિટી સપ્લીમેન્ટ, અથવા

- નોંધાયેલાં અંધ કે આંશિક દૃષ્ટિ ધરાવતાં હો.

## મારે પૈસા ચૂકવવા પડશે?

પ્રમાણભૂત ઓફર માટેના **£40** ચૂકવવાનું અમે તમને કહીશું, જેમાં નીચેની વસ્તુઓનો સમાવેશ થાય છે:

- તમારી જરૂરતો પૂરી કરતું હોય તેવું વાપરવામાં સહેલું સાધન
- સાધન લગાવવામાં મદદ
- નવું સાધન કામ કરે તે માટે જો જરૂર હશે તો અમારાથી જ્યાં નાંખી શકાય તેમ હશે ત્યાં નવી ડિશ કે એરિયલ નાંખી આપવું
- તે સાધન કેવી રીતે વાપરવું તે તમને કરીને બતાવવું અને તમને જ્યારે તે બધી વસ્તુઓ વાપરવાની આદત પડી રહી હોય તે દરમ્યાન મદદ માટે કોઈને ફોન કરી શકો તેવી કોઈ વ્યક્તિનો નંબર

જો તમને પેન્શન ક્રેડિટ, ઈન્કમ સપોર્ટ અથવા આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ મળતું હોય તો આ સેવા **મફત** છે.
વધારાની કિંમતે બીજા વિકલ્પો પણ ઉપબલ્ધ છે જે અમે તમને સમજાવી શકીએ છીએ.

## તો હવે મારે શું કરવું?

જો તમે સ્વિચઓવર હેલ્પ સ્કીમ માટે યોગ્યતા ધરાવતાં હશો, તો ઘણા બધા સમય અગાઉથી અમે તમને લખીને તમને અમારી મદદ જોઈએ છે કે નહિ તે પૂછીશું.

## Switchover Help Scheme: Gujarati

switchover help scheme

મદદ મેળવવા માટે તમારી પાસે માન્યતા ધરાવતું ટીવી લાઈસન્સ હોવું જ જોઈએ (જો તમે 75 વર્ષથી વધારે ઉંમરનાં હો તો તે મફત છે).

**મદદની જરૂર હોય તેવાં બીજાં કોઈને જાણો છો?**
તમારા કોઈ મિત્ર કે કુટુંબીજન કે પછી સ્થાનિક સમાજમાં એવી કોઈ વ્યક્તિ હોઈ શકે જેમને સ્વિચઓવર માટે મદદની જરૂર પડવાની હોય. જો એવું હોય, તો કૃપા કરીને તેમને આ માહિતી આપો.

જો તમને આ માહિતી મોટા અક્ષરોમાં છાપેલી, 'ઈઝી રીડ' (સહેલાઈથી વંચાય તેવી), ઓડિયો ઉપર કે બ્રેઈલ જેવા અન્ય સ્વરૂપમાં અથવા બીજી કોઈ ભાષામાં જોઈતી હોય, તો કૃપા કરીને
**0800 40 85 900** ઉપર મફત ફોન કરો.

જો તમને સાંભળવાની તકલીફ હોય અથવા બોલવામાં મુશ્કેલી પડતી હોય, તો તમે અમારી મફત ટેક્સ્ટફોન સેવાનો **0800 40 85 936** પર સંપર્ક કરી શકો છો.

**સ્વિચઓવર હેલ્પ સ્કીમ સરકાર સાથે કરવામાં આવેલા કરાર હેઠળ બીબીસી દ્વારા ચલાવવામાં આવે છે. અમે ડિજિટલ ટીવીમાં પરિવર્તન કરવામાં મુશ્કેલી અનુભવતાં વૃદ્ધો અને અસમર્થ લોકોને મદદ કરીએ છીએ.**

સ્વિચઓવર હેલ્પ સ્કીમ DSHS Limited વતી, eaga plc, eaga House, Archbold Terrace, Newcastle upon Tyne, NE2 1DB દ્વારા સંચાલન કરવામાં આવી રહી છે. કંપની રજિસ્ટ્રેશન નંબર 3858865.

વધારે માહિતી માટે અમને
મફત ફોન કરો
**0800 40 85 900**
અથવા જુઓ
**helpscheme.co.uk**
ફોનલાઈનો અઠવાડિયાના 7 દિવસ
સવારે 8થી રાત્રે 9 સુધી ખુલ્લી છે.